મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૧૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૧ ટકા ● સાંજે ૨૧ ટકા

ગાંધીનગર તાપમાન

હવે, બેંકો માર્ચના અંતિમ દિવસોમાં કાર્યરત

તા. ૨૯, ૩૦ અને ૩૧મી બેંકોમાં રજા નથી : રાજય સરકારની કચેરીઓમાં ૨૯ અને ૩૦ રજા, અફવાઓથી દૂર રહેવા અપીલ

ગાંધીનગર, તા.૨૦

દેશભરમાં વાર્ષિક હિસાબો પુર્ણ કરવાનો અંતિમ માસ માર્ચ હોવાથી હાલ વ્યવસાયિકો નાણાંકીય લેવડ દેવડ અને હિસાબો આટોપવા રચ્યા પચ્યા બન્યા છે. દરમિયાન છેલ્લા એક અઠવાડીયાથી માર્ચના અંતિમ સપ્તાહમાં બેંકો બંધ હોવાની અફવાએ દોડધામ વધારી દીધી છે. આ અંગે મહાગુજરાત બેંક એમ્પ્લોઈઝ એસોસીએશને ભારપૂર્વક ગ્રાહકોને જણાવ્યું છે કે માર્ચના છેલ્લા સપ્તાહમાં એક પણ રજા નથી અને બેંકોનું કામકાજ રાબેતા મુજબ કાર્યરત જ રહેશે. જેથી અફવા ઉપર ધ્યાન ન આપી પોતાનું બેકિંગ કામકાજ સમયસર કરી શકાશે.

રાજયની બેંકોમાં માર્ચના અંતિમ સપ્તાહમાં કોઈ જ રજા નથી અને બેંકોનું કામકાજ રાબેતા મુજબ ચાલુ જ હોવાનું મહાગુજરાત બેંક એમ્પ્લોઈઝ એસોસીએશનના કન્વીનર અને મહામંત્રી કે.વી. બારોટે જણાવ્યું છે. ગ્રાહકો ગેરમાર્ગે દોરાયા વગર પોતાના બેકીંગ કામ આરામથી કરી શકશે જેથી ખોટી દોડાદોડી કર્યા વગર બેંકોમાં ધસારો ન કરવા અપીલ પણ કરી છે. માર્ચ માસ દરમિયાન વાર્ષિક હિસાબો કરવાના હોઈ ધંધા વ્યાપાર કરતા લોકોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું. પરંતુ રજા અંગે ફકત અફવા હોવાનું બહાર આવ્યું છે.

આખરી દિવસોમાં લેણ-દેણ, વ્યાજના હવાલા, ચોપડે ચોખ્ખું કરવા અંગે હાલ લોકોએ ઉઘરાણી શરુ કરી દીધી છે. ઉધાર બાકી આગળના વર્ષે લઈ ન જવી પડે તે હેતુથી રોકડ અથવા ચેક મેળવીને ચોપડે જમા કરી હિસાબો પુર્ણ થઈ રહ્યા છે ત્યારે બેંકોની રજા અંગેના વહેતા થયેલા સમાચારે લોકોને બેંકોમાં દોડતા કરી દીધા હતા. કેન્દ્ર સરકારના જીએસટી બિલ પછી તમામ વ્યવહારો લગભગ બેંક મારફતે જ થઈ રહ્યા હોઈ માર્ચ માસના અંતિમ દિવસોમાં ભારે ધસારો રહેવાની સંભાવના છે ત્યારે રજા ન હોવાથી તમામ લોકો હવે આરામથી પોતાના હિસાબો સરભર કરી શકશે. જો કે રાજય સરકારની કચેરીઓ તા. ૨૯ અને ૩૦ એમ બે દિવસ રજાના કારણે બંધ રહેશે.

"હેપ્પી સ્પેરો વિક"નો પ્રારંભ

વિશ્વ ચકલી દિવસ નિમિત્તે હેપ્પી યુથ ક્લબ આયોજિત "હેપ્પી સ્પેરો વીક"ના પ્રથમ દિવસે એક હજાર ચકલી-ઘરનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૨૦

હેપ્પી યુથ કલબ દ્વારા ગાંધીનગરમાં વિશ્વ ચકલી દિવસ નિમિત્તે "હેપ્પી સ્પેરો વિક"ની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. હેપ્પી સ્પેરો વીકના પ્રથમ દિવસે આજે વિના મૂલ્યે આશરે એક હજાર ચકલી-ઘરનું વિતરણ કરવામાં આવ્યું હતું. હેપ્પી સ્પેરો વિક દરમ્યાન નગરજનો દ્વારા પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડ્યો હતો. હજુ આ સ્પેરો વીક દરમ્યાન વધુ બે હજાર હેપ્પી ચકલી ઘરનું વિતરણ કરવામાં આવશે. આ ઉપરાંત શહેરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ સહિત અને સ્થળે પક્ષીઓ માટે પાણી મળી રહે તે હેતુથી માટીની કુંડાની પક્ષી પરબોનું સ્થાપન કરશે.

"હેપ્પી સ્પેરો વિક"ના શુભારંભ પ્રસંગે સેક્ટર-૧૨માં બલરામ મંદિર ખાતે શહેરના મનપાના વિરોધપક્ષના શૈલેન્દ્રસિંહ બિહોલા, કોર્પોરેટર્સ રાકેશભાઈ પટેલ, અંકિત બારોટ, હિરલબેન જોશી, નાઝાભાઈ ઘાંઘર, હર્ષબા ધાંધલ ઉપરાંત સામાજિક અગ્રણીઓ પ્રદીપસિંહ વાઘેલા, ઉર્પલભાઈ જોશી, રાકેશભાઈ જાની, પ્રોજેકટના સ્પોન્સર રાજવી ફૂડના માલિક ગજેન્દ્રસિંહ બારડ, સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ સંજયભાઈ થોરાત, પક્ષી પ્રેમી નરેન્દ્રભાઈ રાવલ સહિત હેપ્પી યુથ ક્લબના સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા. હેપ્પી સ્પેરો વીકના પ્રોજેકટ કો-ઓર્ડિનેટર રાજૂ દેવજીભાઈ મકવાણાએ જણાવ્યુ હતું કે આજે હેપ્પી યુથ ક્લબ દ્વારા સવારે બલરામ મંદિર ઉપરાંત બપોરે સેક્ટર-૧૬માં પાટનગર યોજના ભવન ખાતે પણ હેપ્પી ચકલી ઘરનું વિતરણ કરવામાં આવ્યું હતું અને નાગરિકોને ચકલી સહિતના નાના કદના પંખીઓના સંવર્ધન માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

@ગાંધીનગર

● જય બુટ ભવાની મા આનંદ ગરબા મંડળ દ્વારા સે-૧૪, પ્લોટ નં. ૫૩/૧, ખ-રોડ ખાતે આનંદનો ગરબો બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન રાખેલ છે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન સે-૩-બી પ્લોટ નં. ૩૫૫/૧ ખાતે યોજાશે.

વાતવાતમાં

● ગાંધીનગર તાલુકા પંચાયતની સામાન્ય સભામાં જયારે નવ નિર્વાચિત ઉમેદવારોની સહી લેવાતી હતી ત્યારે રાંધેજાના એક સભ્ય એ કોમેન્ટ કરી હતી કે 'અરે બરાબર વાંચી લેવા દો, ખબર નહી આ લોકો શેમાં સહી કરાવી લે' આ પછી તેમણે કાગળ બરાબર વાંચીને પછી સહી કરી હતી.

● તાલુકા પંચાયતની આ સભામાં પત્રકારોને પ્રવેશ ના અપાતા રોષે ભરાયેલા પત્રકારોને પોલિસ સાથે ચકમક ઝરી હતી. જો કે પછી પત્રકારોએ કલેકટરને મળી રજુઆત કરતા તેમને પ્રવેશ અપાયો હતો.

● સે-૩-સી કલ્ચરલ સ્કવેયર ખાતે ચૈત્રી નવરાત્રિ દરમિયાન ભવ્ય આનંદના ગરબાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ આયોજન માટે ચોકના અગ્રણીઓની એક બેઠક યોજાઈ હતી.

● શહેરના મુખ્ય માર્ગો પર અનેક ગટર ચેમ્બરોના ઢાંકણા તુટી જવા પામ્યા છે. કેટલેક સ્થળે તો તુટેલા ઢાંકણાથી વાહનચાલકો અને રાહદારીઓને ચેતવવા તેમાં ઝાડની ડાળીઓ ભરાવી દેવામાં આવી છે.

માઉન્ટ કાર્મેલ સ્કૂલના વાર્ષિક દિનની ભવ્ય ઉજવણી

ગાંધીનગર, તા.૨૦

માઉન્ટ કાર્મેલ સ્કૂલ ગાંધીનગર દ્વારા તેના એન્યુઅલ ફંકશન ૨૦૧૮ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ યાદગાર સમારોહ માટે એક ખાસ થીમ રાખવામાં આવી હતી. જેમાં આવો અને સમગ્ર વિશ્વમાં વસતા તમારા મિત્રોને મળો જેવા વિષયની એક અલગ અને અત્યંત આકર્ષક થીમ રાખવામાં આવી હતી. શાળાના યુવા સંચાલક શ્રી શૈશવ કેયાસ્થાએ સમગ્ર વાલીજનોને કે જે વિશ્વના વિવિધ દેશોમાં વસવાટ કરે છે તેમને આમંત્રીત કરી એક

ગ્લોબલ કેમ્પસનો માહોલ તૈયાર કર્યો હતો અને વૈશ્વિક સ્તરે બાળક કેવી રીતે વિકાસ પામે તેનું ભાવિ કેમ ઉજળુ બને તે માટેનો જ્ઞાનવર્ધક સમારોહ યોજાયો હતો. આશરે ૬૦૦થી વધુ વાલીઓ અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આજે ઝડપથી બદલતા વિશ્વ સુધી પહોંચવા માટે અને ડીજીટલ જનરેશનની ખાધને ઘટાડવામાં ટેકનોલોજી ખુબ ઉપયોગી નીવડે છે. આ ઉપરાંત વાલીઓ અને મહેમાનો દ્વારા આગામી ટેકનોલોજી પૂર્ણ અને ખુબ ઝડપી વિશ્વમાં ટકી રહેવા અને તેના કદમ સાથે કદમ મીલાવી ચાલવા માટે શું જરૂરી છે તે અંગે રસપ્રદ માહિતી પ્રદાન કરી હતી.

ચિલોડા સર્કલથી ૨૨ વર્ષીય યુવતીનો કારમાં બેસાડી આબરૂ લુંટવાનો પ્રયાસ

કાર ચાલકે સુમસામ જગ્યાએ કાર લઈ જઈ યુવતી સાથે બળજબરી કરીને મોબાઈલમાં ફોટો પાડયા : કાર ચાલકે ફોટો સોશ્યલ મીડીયામાં વાયરલ કરવાની ધમકી આપી

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર નજીક ચિલોડા સર્કલથી એક કાર ચાલકે ૨૨ વર્ષીય યુવતીને કારમાં બેસાડી સ્પર્ધાત્મક પરીક્ષા અપાવ્યા બાદ પરત લઈ જતી વખતે તેણીની સાથે બળજબરી કરી આબરૂ લુંટવાનો પ્રયાસ કર્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. યુવતીને કારમાં બેસાડયા બાદ સુમસામ જગ્યાએ કાર લઈ જઈ યુવતી સાથે છેડતી કરી ફોટો પાડયા હતા અને આ ફોટો વાયરલ કરવાની ધમકી આપી યુવતીને જાનથી મારી નાંખવાની કારચાલકે ધમકીઓ આપી હતી. યુવતીએ આ મામલે ચિલોડા પોલિસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલિસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

મળતી વિગતો મુજબ હિંમતનગરની ૨૨ વર્ષીય યુવતી ૨૮ ફેબ્રુઆરીએ ચાંદખેડા સ્પર્ધાત્મક પરીક્ષાનું પેપર આપવા ગઈ હતી ત્યારે ચિલોડા સર્કલથી કોઈ સમીર નામનો કાર ચાલક તેણીને કારમાં બેસાડી પેપર આપવા લઈ ગયો હતો ત્યાંથી સાંજે પરત ફરતી વખતે ચિલોડા ગાંધીનગર રોડ ઉપર સુમસાન જગ્યાએ કાર લઈ ગયો અને ૨૨ વર્ષની યુવતીને બિભત્સ ગાળો બોલી ગળુ દબાવીને તેણીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ત્યાર બાદ યુવતીની મરજી વિરૂધ્ધ કારની આગળની સીટમાં તેણીને ખેંચી લઈ બાથમાં લઈ તેના મોબાઈલમાં જબરદસ્ત સેલ્ફી પાડી હતી. આ ફોટો ફેસબુક સહિત સોશ્યલ મીડીયામાં વાયરલ કરવાની ધમકી આપી સમીર નામના અજાણ્યા શખ્સે ૨૨ વર્ષીય યુવતીની આબરૂ લુંટવાનો પ્રયાસ કરતા યુવતીએ ચિલોડા પોલિસ સ્ટેશનમાં સમગ્ર ઘટના પ્રકરણે ફરિયાદ આપતા પોલિસે ગુનો દાખલ કરી સમીર નામના શખ્સને પકડવા ગાડીના નંબર મેળવવા સીસીટીવી ફુટેજની તપાસ શરુ કરી છે.

કાર ટાયર ચોરતી ગેંગ પકડાઈ હવે બેટરી ચોરતી ગેંગ સક્રીય થઈ

સે-૩-બીમાંથી વધુ એક કારમાંથી બેટરીની ચોરી

ગાંધીનગર, તા.૨૦

પાટનગરમાં થોડા સમય પહેલા કારમાંથી ટાયરો ચોરી જતી ગેંગે તરખાટ મચાવી દીધો હતો. પોલિસે કસરત કરીને આ ગેંગને દબોચી લેતા ટાયર ચોરી માંડ બંધ થઈ છે ત્યારે પાટનગરમાં હવે કારમાંથી બેટરીઓ ચોરી જતી ગેંગ સક્રીય થવા પામી હોવાનું ધ્યાને આવ્યું છે. સેકટર-૩-બીમાંથી વધુ એક કારમાંથી બેટરી ચોરી થઈ હોવાનું પ્રકાશમાં આવ્યું છે.

અલગ અલગ સેકટરમાંથી જેમ કારના ટાયરોની ચોરી થવા લાગી હતી તેમ હવે કારમાંથી બેટરી ચોરી શરૂ થઈ ગઈ છે. સેકટર-૨૯, સેકટર-૨૬ અને સેકટર-૧૩ બાદ હવે સેકટર-૩બીમાં ઘર આંગણે પાર્ક કરેલી કારમાંથી રાત્રિ દરમિયાન બેટરી ચોરી થઈ જવા પામી છે. સેકટર-૩-બીમાં રહેતા રવિન્દ્રસિંહ રાઠોડે બે દિવસ પહેલા તેના ઘરઆંગણે પોતાની મારૂતિ વાન પાર્ક કરી હતી. સવારે ઉઠીને જોયું તો વાનમાંથી આખે આખી બેટરી જ ગાયબ હતી. કોઈ બેટરી ચોર કારમાંથી બેટરી ઉઠાવી ગયું હતું. નોંધનીય બાબત એ છે કે આ રવિન્દ્રસિંહની જ કારમાંથી એકાદ વર્ષ પહેલા કોઈ ગઠીયો બેટરી ચોરી કરી ગયો હતો અને તેમની જ કારની બેટરી ચોરોએ ફરીથી ટાર્ગેટ બનાવી હતી. જો કે આ મામલે કાર માલિકે કોઈ પ્રકારની પોલિસ ફરિયાદ નોંધાવી નથી.

ડીપીએસ પ્રી-પ્રાયમરી વિભાગ દ્વારા 'ગ્રેજયુએશન સેરેમની'નું આયોજન

ગાંધીનગર, તા.૨૦

'માતા-પિતાને સન્માન' આ થીમ પર દિલ્હી પબ્લીક સ્કૂલ ગાંધીનગરના પ્રી-પ્રાયમરી વિભાગના નાના-નાના ભૂલકાંઓ દ્વારા ગ્રેજયુએશન સેરેમનીની ઉજવણી ટાઉનહોલ ખાતે કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ડૉ. વર્ષા પારેખ (નેશનલ એવોર્ડ વિનર-બેસ્ટ ટીચર)એ સ્થાન શોભાવ્યું હતું તથા ચીફ ગેસ્ટ તરીકે શ્રી પથિક શાહ (અર્લી ચાઈલ્ડહુડ એસોસિએશન-ચેરમેન-ગુજરાત)એ સેવાઓ આપી હતી. કાર્યક્રમના અંતે ડીપીએસ ગાંધીનગરના આચાર્ય અતનુ રથે આભારવિધિ કરી હતી.

સે-૧૯ જીમખાના ખાતે રીટાર્યમેન્ટ પ્લાનીંગ વર્કશોપ યોજાશે

ગાંધીનગર, તા.૨૦

સિકયુરીટી એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાના ઉપક્રમે ગાંધીનગર સેકટર-૧૯ જીમખાના ખાતે આગામી ૨૫મી માર્ચે રીટાર્યમેન્ટ પ્લાનિંગના ફ્રી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.

સેકટર-૧૯ જીમખાના ખાતે ૨૫મી એપ્રિલ ૨૦૧૮ના રોજ સાંજે પાંચ કલાકે આ વર્કશોપ યોજાશે. જેમાં સેબીના ફાઈનાન્શિયલ એજયુકેશન ટ્રેનર અશોક મહેતા વર્કશોપનું સંચાલન કરશે. આ વર્કશોપમાં તમામ એજગ્રુપના નાગરિકો લાભ લઈ શકશે. આ કાર્યક્રમમાં ભાગ લેનારને સેબી દ્વારા બહાર પાડવામાં આવેલી બુકલેટ ફ્રી આપવામાં આવશે.



શરદી-ખાંસી, ઝાડા-ઉલ્ટી અને તાવના દર્દીઓથી સિવિલ ઉભરાઈ

ઉનાળાનો પ્રારંભ ધીમી ગતિએ થઈ ગયો છે. ઉનાળાની ગરમીથી ત્રાહીમામ નાગરીકો ગરમીથી બચવા વિવિધ ઠંડાપીણા તેમજ અખાદ્ય ચીજવસ્તુ આરોગતા બિમારીનો ભોગ બને છે. ત્યારે ગાંધીનગર શહેરમાં તો છેલ્લા ઘણા સમયથી પાણીજન્ય રોગચાળાએ માંથુ ઉચક્યું હોય તેમ લાગી રહ્યું છે. શહેરમાં વાઈરલ ફીવરના દર્દીઓની સાથે ઝાડા-ઉલ્ટીના કેસ પણ નોંધપાત્ર સંખ્યામાં સામે આવી રહ્યા છે. નગરમાં પાણીજન્ય અને મચ્છર જન્ય રોગચાળાને પગલે દર્દીઓ ત્રાહીમામ પોકારી ગયા છે ત્યારે ગાંધીનગર સિવિલમાં ગત્ તા. ૧૨ થી ૧૮ માર્ચ દરમિયાન અજબડા-૧, મેલેરીયા-૩, ટાઈફોઈડ-૪, ડેંગ્યુ-૨, મગજના તાવના-૩, ન્યુમોનીયા-૭, તાવ-૫૦, શરદી-ખાંસીના -૮૨ સહિત શ્વાને બચકા ભર્યાના ૬૨ કેસ નોંધાયા છે.

ગાંધીનગર શહેરમાં ઘરે ઘરે બિમારીના ખાટલા જોવા મળે છે. શહેરમાં બેવડી સિઝનનો અનુભવ નાગરીકો કરી રહ્યા છે. બેવડી રૂતુના પગલે નાગરીકો બિમારીનો ભોગ બની રહ્યા છે. શરદી-ખાંસી, ઝાડા-ઉલ્ટી, તાવના દર્દીઓથી સિવિલ ઉભરાય છે. તો બીજીતરફ ખાનગી પ્રેકટીસ કરતા ડોકટરને ત્યાં પણ મોડીરાત સુધી દર્દીઓની ભીડ રહે છે. પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાએ માથું ઉચકતા આરોગ્ય તંત્ર પણ હરકતમાં આવી ગયુ છે અને કામગીરી શરુ કરી દીધી છે. શહેરમાં વાઈરલ ફીવરને પગલે નાગરીકો હેરાન પરેશાન થઈ ગયા છે. શરદી ખાંસી અને તાવના દર્દીઓની સંખ્યા વધુ જોવા મળે છે. તેની સાથે સાથે સિવિલમાં ગત્ સપ્તાહે અછબડાનો-૧, ઝાડા-ઉલ્ટીના-૭૮, મેલેરીયાના -૩, ટાઈફોઈડના -૪, ડેંગ્યુના-૨, મગજના તાવના-૩, શ્વાન કરડયાના -૬૨, તાવના-૫૦, શરદીખાંસીના -૮૨, અને ન્યુમોનીયાના -૭ કેસ નોંધાયા છે.

આજે વિધાનસભામાં વૈદ્યરાજ રાકેશ ભટ્ટે અગ્નિકર્મ દ્વારા સંખ્યાબંધ દુખાવાના દર્દીઓને તુરન્ત રાહત આપતા અગ્નિકર્મ દ્વારા રાહત આપતી પધ્ધતિ વિના મૂલ્યે કરી હતી. આજ અગ્નિકર્મ બહાર કરાવો તો ખૂબ ખર્ચાળ છે અને કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવું પડે છે.

સે-૨૧ ખાતે શ્રીમદ ભાગવત સપ્તાહ અમૃત કથા યોજાશે

સંકલ્પ સિધ્ધ હનુમાનજી મંદિર ખાતે હનુમાન જયંતિ નિમિતે વિશેષ આયોજન

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ વિશ્વકર્મા શોંપિગ સેન્ટર સામે તેમજ નીગમ પેટ્રોલ પંપ પાસે આવેલ શ્રી સંકલ્પ સિધ્ધ હનુમાનજી મંદિર ખાતે આગામી તા. ૨૫ થી ૩૧ માર્ચ દરમિયાન શ્રીમદ ભાગવત સપ્તાહ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. કથાનો સમય સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ અને બપોરે ૩.૩૦ થી ૬.૩૦ કલાક યોજાશે. જનસેવા સમિતિ ગાંધીનગરના લાભાર્થે આયોજીત શ્રીમદ્ ભાગવત સપ્તાહ કથાના વકતા તરીકે યોગી રામદાસજી મહારાજની વ્યાસપીઠે યોજાશે. કથા અંતર્ગત તા.૨૫ ના રોજ સવારે ૯ કલાકે પંચદેવ મંદિરથી પોથી યાત્રા નીકળીને સેકટર-૨૧ સંકલ્પ સિધ્ધ હનુમાનજી મંદિર ખાતે પહોંચશે. જયારે દિપ પ્રાગટય વેદાન્તાચાર્ય પૂ. ફુલશંકર શાસ્ત્રીજી મહારાજ (આચાર્ય શ્રી પંચદેવ મંદિર)ના હસ્તે કરવામાં આવશે. જયારે તા.૩૧ માર્ચને હનુમાન જયંતિના પાવન દિવસે સુંદરકાંડના પાઠ સવારે ૧૧ થી ૧ કલાક દરમિયાન કમલેશભાઈ વ્યાસની વ્યાસપીઠે યોજાશે. જયારે કથા શ્રવણ માટે આવનાર દરેક ભકતો માટે હનુમાન જયંતિના દિવસે સાંજે ૬ કલાકે ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. તો આ શુભ પ્રસંગે સૌ ભકતોને દર્શનનો લાભ લેવા મંદિર સંચાલક અજયભાઈ દવે અને મહેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ તથા કથા સમિતિ પરિવાર દ્વારા અનુરોધ કરાયો છે.

આંબેડકર જયંતિ અંગે બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૦

ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ મહોત્સવ સમિતિ દ્વારા આંબેડકર જયંતિને અનુલક્ષીને ગાંધીનગરમાં કાર્યરત એસ.સી., એસ.ટી. અને ઓબીસી સમાજની સંસ્થાઓના પ્રતિનિધિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રતિનિધિઓની આગામી બેઠક ૨૨મી માર્ચ ૨૦૧૮ને ગુરુવારના રોજ ૬ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ, સેકટર-૧૨ ખાતે મળશે. જેથી સર્વે સંસ્થાના પ્રતિનિધિઓને હાજર રહેવા ભરતસિંઘ ચૌધરી અને વિઠ્ઠલભાઈ પરમારે જણાવ્યું છે.

વનોને સમૃધ્ધ કરવામાં જ સૌની ભલાઈ છે

આજે ૨૧મી માર્ચ. માર્ચ માસમાં આવતા મહત્વના પર્યાવરણીય દિવસોમાં ૨૧ માર્ચ વિશ્વ વન દિવસ તરીકે ઉજવાય છે. યુનાઈટેડ નેશન્સની જનરલ એસમ્બલીમાં ૨૯ નવેમ્બર ૨૦૧૨ના રોજ એક ઠરાવ પસાર કરીને આ દિવસની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ આ પૃથ્વી પર આવેલા તમામ પ્રકારના વનોની જાળવણી કરવી અને તેનું સંવર્ધન કરવું. રેતાળ પ્રદેશ, ખારા પ્રદેશ, દરિયાકિનારા, બરફ આચ્છાદિત પ્રદેશો, દરેક સ્થળે અલગ અલગ પ્રકારનાં વૃક્ષો અને જંગલો હોય છે. વૃક્ષો પર્યાવરણનો એક એવો ઘટક છે જે ખોરાક, ઊર્જા તો પુરી પાડે છે સાથે સાથે હવામાનના કાર્બન ડાયોકસાઈડને શોષીને ઓકિસજન મુકત કરે છે.

વૃક્ષો આપણી ધરતીને હરિયાળી રાખે છે પરંતુ માનવ જરૂરીયાત તથા અવિવેકી પણાને લીધે દર વર્ષે ૧૩ મિલીયન હેકટર જંગલો ઓછા થતા જાય છે. જેના કારણે વનસ્પતિની દુર્લભ જાતો અને જંગલ પર નિર્ભર પ્રાણીઓ પક્ષીઓની જાતો નામશેષ થવા લાગી છે.

ગ્લોબલ વોર્મિગ અને કલાયમેટ ચેન્જ જેવી વૈશ્વિક સમસ્યાના પાયામાં ઘટતા જતા જંગલો જવાબદાર છે. જંગલોના વધતા જતા નાશ સાથે હવામાં ૧૨ થી ૧૮ ટકા કાર્બન ડાયોકસાઈડનો ઉમેરો થયો છે. આજે પૃથ્વીના કુલ ભૂ-ભાગ પર ૩૦ ટકા જેટલા જંગલો છે. આ જંગલોમાં ૬૦ હજારથી વધુ પ્રકારના વૃક્ષોની જાતો જોવા મળી છે. દુનિયાના ૧.૬ બિલીયન લોકો આજે પણ જંગલો પર નિર્ભર છે.

નવેમ્બર ૧૯૭૧માં 'ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન' ની એક કોન્ફરન્સમાં ઉપસ્થિત જુદા જુદા દેશોના પ્રતિનિધિઓ દ્વારા ૨૧ માર્ચને વિશ્વ વન દિવસ તરીકે ઉજવવાનું નક્કી થયું. આ દિવસે પર્યાવરણ ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓ, કોલેજો, સરકારી વિભાગો દ્વારા વનોની જાળવણી, વનસંપત્તિના સંવર્ધન માટે અભિયાન ચલાવવામાં આવે છે. વૃક્ષારોપણ જેવા રચનાત્મક કાર્યક્રમો દ્વારા વૃક્ષ ઉછેર કરવામાં આવે છે. વૃક્ષ એ આપણું જીવન છે એટલે વનોને સમૃધ્ધ કરવામાં જ સૌની ભલાઈ છે.

ચિરવિદાય

● સ્વ. ત્રિવેદી રૂક્ષ્મણીબેન ગીરજાશંકર, ઉ.વ. ૯૯